

સીમંધર-ગણધર-સંતના તમે સત્સંગી,
અમ પામર તારણકાજ પધાર્યાં કરુણાંગી.

# જન્મજયંતી અંક

કહાન સંવત–૭ □ (પ૨૬) ✻ આત્મધર્મ ✻ (અંક–૨ વર્ષ–૪૪) □ વીર સં. ૨૫૧૩ ઓગસ્ટ, ૧૯૮૭

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી

# * પરમપૂજ્ય ગુરુદેવના ઉદ્‌ગારો *

* (રાજકોટ, સં. ૨૦૨૭) બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર–ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા—પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય! વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છે; તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે....જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.

* (રાજકોટ, સં. ૨૦૨૭)...બેન (ચંપાબેન)ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઈ જાય છે, ખેદ આવી જાય છે: અરેરે કયાં હતા ને કયાં આવી ગયા! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. ...અહા! આ સંસાર! આ પ્રાણી! આ દુઃખ! ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ, સંસારને કાંઠે આવેલો, જુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઈ ગઈ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ...આ તો કેમ નભે છે! ...નામ–ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ—બધી સિદ્ધ થઈ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક, અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર! અત્યારે આવો કાળ! તેમાં આ વાત લોકોને આકરી લાગે....

* (તા. ૨૬-૧૧-૬૪) વિ. સં. ૧૯૯૩ ચૈત્ર વદ આઠમના દિવસે જ બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. ××× સમ્યગ્દર્શન ૮૯માં થયું હતું. ××× ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ××× અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. ××× બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. ××× *

પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
કલ્યાણકારી ૭૪ મી જન્મજયંતી પ્રસંગે

## સમ્યક્ત્વ-મહિમા-પ્રકાશક

# ૭૪ ભક્તિ-પુષ્પો

卐

* જે પુરુષ સમ્યગ્દર્શન વડે પદાર્થનો સમ્યક્ નિર્ણય કરીને ધર્મચક્રના ધારક તીર્થંકર થાય છે તેમના ચરણકમળ અમરપતિ, અસુરપતિ, નરપતિ અને સંયમીઓના પતિ ગણધરદેવ દ્વારા વંદનીક છે અને તેઓ લોકમાં ઉત્કૃષ્ટ શરણ છે. ૧.
(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૯)

* જ્ઞાન તથા ચારિત્રથી સમ્યગ્દર્શન ઘણું જ વિશેષ છે એમ જાણીને જ્ઞાની એનું સેવન કરે છે. એ કારણે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનો કર્ણધાર કહ્યો છે. જેમ સમુદ્રમાં જહાજને નાવિક પાર કરે છે તેમ અપાર સંસાર-સમુદ્રમાં રત્નત્રયરૂપી જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિક સમાન છે. ૨.
(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૧)

* પ્રાણોનો નાશ કરનાર વિષનું ભક્ષણ કરવું સારું છે, વાઘ આદિ હિંસક જીવોથી ભરેલા વનમાં રહેવું સારું છે તથા અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરવો પણ સારો છે પરન્તુ મનુષ્યે મિથ્યાત્વ સહિત જીવિત રહેવું સારું નથી. ૩.
(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૪૦)

* નિર્મમતા ચિંતવવા માટે ક્લેશ થતો નથી, પરની યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામત કરવી પડતી નથી, કંઈ ચિંતા થતી નથી, તેમજ કાંઈ ધનાદિ ખર્ચવું પડતું નથી. માટે નિર્મમત્વ-ભાવની સતત ચિંતવના કરવી. ૪.
(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વતરંગિણી, અધિ-૧૦ શ્લોક-૧૭)

* મારા ચિત્તમાં કલ્પવાસી દેવોનાં ઇન્દ્રને, નાગેન્દ્રને તથા ચક્રવર્તીને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે. અલ્પબુદ્ધિમાન

હમેંશા ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, શરીર તથા પુત્રથી સુખ માને છે એ આશ્ચર્યકારક છે. ૫. (શ્રી જ્ઞાનભૂષણ, તત્વજ્ઞાનતરંગિણી, અધિ-૬, શ્લોક-૧૦)

* શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. ૬.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ-૬-૪૭)

* હે ભવ્યજીવ! તું આ દેહ વિષે બિરાજમાન વસ્તુ છે તેને જાણ! કેવી છે વસ્તુ? લોકમાં નમન કરવા યોગ્ય ઇન્દ્રાદિક છે તેના વડે નમન કરવા યોગ્ય તથા ધ્યાવવા યોગ્ય છે તથા જે સ્તુતિ કરવા યોગ્ય તીર્થંકરાદિ છે તેમને સ્તુતિ કરવા યોગ્ય છે એવી જે કોઈ વસ્તુ છે તે આ દેહને વિષે જ બિરાજમાન છે. તેને યથાર્થ જાણ. ૭.

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩).

* ભેદજ્ઞાનીના ચિત્તમાં શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વજગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બંને નેત્ર રહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સૂતેલું અવિચારી, મૂર્છાપામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહ-ઠગોએ પોતાને આધિન કરેલું વ્યાકુળ થયેલું જણાય છે. ૮.

(શ્રી તત્વજ્ઞાનતરંગિણી, અધિ-૬, શ્લોક-૨).

* જે આત્મા કર્મના બંધનથી સહિત હોવા છતાં કર્મબંધનથી રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં નિર્મલ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે. તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે. ૯. (શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધચંદ્રોદય અધિકાર, શ્લોક-૧૩).

* જેઓ શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધસ્વરૂપની દૃષ્ટિને) તજતાં નથી.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરવો કે સંક્લેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. ૧૦.

(શ્રી તત્વજ્ઞાનતરંગિણી, અધિ-૧૪, શ્લોક-૧૯-૨૦)

* પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરન્તુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં રહેવું પણ ભલું નથી. ૧૧. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, સર્ગ-૭, શ્લોક-૪૧)

* મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેના કરતાં ધતૂરાથી ઉપજેલ મોહ સારો છે, દર્શન-મોહ અનંતાનંત જન્મ-મરણ વધારે છે. ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંત ભવપર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ-મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. ૧૨. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી-આરાધના, ગાથા-૭૩૧)

* શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ (પંચ પરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધ એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે. અને પરમ નિશ્ચયનયથી ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પજાળ રહિત પરમ સમાધિકાળે સિદ્ધ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે. અન્ય સર્વે દ્રવ્યો હેય છે. ૧૩.

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્‌દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૭, ટીકામાંથી)

* હે ભવ્ય જીવ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો, આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે. મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે. કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે. મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે. આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે. સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા જાળ સમાન છે. ૧૪.

(શ્રી શુભચંદ્રઆચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૭)

* જો કોઈ જીવ અર્ધ નિમિષ એટલે આંખના ટમકાર માત્ર પણ પરમાત્મતત્ત્વમાં અનુરાગ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ગંજને બાળી નાખે તેમ તે જીવ સમસ્ત પાપોને બાળી નાખે છે. ૧૫.

(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા-૧૧૫)

* જે વિષયથી વિરક્ત છે તે જીવ નરકમાં તીવ્ર વેદના છે તેને પણ

ગુમાવે છે, ત્યાં પણ અતિ દુઃખી થતો નથી. તેથી ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. આ જિનેન્દ્ર વર્ધમાને કહ્યું છે. ૧૬.

(શ્રી કુંદકુંદ આચાર્ય, શીલપાહુડ, ગાથા-૩૨)

* જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તે પ્રકારે સમજ્યો છે, તથા વાસ્તવિક આત્મ-શાંતિનો કોઈ અંશે જેને અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પામતો નથી. ૧૭. (શ્રી આત્માનુશાસન, શ્લોક-૨૦૪)

* આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ૧૮.

(શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા-૧૪)

* વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે, ઉસી સમ્યક્ત્વમેં જમે રહના ચાહીએ. કિસી ભી સ્થાન પર રહો, કિસી ભી સ્થાન પર યહ સમ્યક્ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્ત્વ હી શ્રેષ્ઠ હૈ, દૃઢ હૈ વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્ત્વ કિસી જીવકે હી પ્રકાશ હોતા હૈ. કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતિ હૈ. ૧૯.

(શ્રી જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા-૨૬)

* દ્વાદશાંગ તથા હરેક પૂર્વકા સાર યહી કહા ગયા હૈ કિ યદ્યપિ મેરા આત્મા શરીર સહિત હૈ તથાપિ નિશ્ચયસે યહ આત્મા પરમાત્મા હૈ ઐસા જાનના યોગ્ય હૈ. ૨૦. (શ્રી જ્ઞાનસમુચ્ચય સાર, ગાથા-૭૫)

* જેનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી ઋષિઓ પરમપદને પામે છે, જેની સ્તુતિ ઇન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ગણધર દેવો સર્વ મદ તજીને કરે છે, વેદ પુરાણ જેને બતાવે છે, યમરાજના દુઃખના પ્રવાહને જે હરે છે, એવી જિનવાણી તેને હે ભવ્ય જીવો! દ્યાનતરાયજી કહે છે કે તમે અનેક વિકલ્પરૂપ નદીનો ત્યાગ કરીને તમારા હૃદયને વિષે નિત્ય ધારણ કરો. ૨૧. (શ્રી દ્યાનતવિલાસ, પદ-૩૩)

* હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને શીઘ્ર મોક્ષ

જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે. ૨૨. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, શ્લોક-૫૭)

* જે તત્ત્વ જ્ઞાનરૂપ છે, પરમ મુનિગણો જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણ લોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં સ્થિત છે, જે તત્ત્વ દિવ્ય કેવળજ્ઞાન આદિ શરીરરૂપ છે અને જે તત્ત્વ શાંત જીવમાં સિદ્ધ (પ્રાપ્ત) થાય છે, તે તત્ત્વ જેના નિજમનમાં શુદ્ધ પ્રકાશમાન થાય છે તે જીવ મુક્તિને પામે છે. ૨૩.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધ્યાય-૨, ગાથા-૨૧૩)

* ત્રણ લોકમાં એવું કોઈ સુખ નથી કે જે સમ્યગ્દર્શનરૂપી ધનના પ્રભાવથી જીવને પ્રાપ્ત ન હો. તેથી જે જીવ સુખી થવા ઇચ્છે છે તેણે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ. ૨૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૭૨)

* ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપી મળથી રહિત, કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ દેવાધિદેવ પરમ આરાધ્ય સિદ્ધ પરમેષ્ઠિ મુક્તિમાં નિવાસ કરે છે. તેના જેવા જ સર્વ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ એક સ્વભાવ પરમાત્મા ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનય વડે શક્તિરૂપ પરમાત્મા દેહમાં વસે છે. માટે હે પ્રભાકર ભટ્ટ! તું સિદ્ધ ભગવાનમાં અને તારામાં ભેદ ન જો. ૨૫. (શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિકાર, ગાથા-૨૬)

* હું કર્મથી સંયુક્ત હોવા છતાં પણ શ્રીગુરુના ચરણોના પ્રસાદથી મુક્ત જેવો જ છું. અત્યંત દરિદ્રી હોવા છતાં પણ ધનવાન છું તથા તપથી દુઃખી હોવા છતાં પણ સુખી છું. ૨૬.

(શ્રી પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચયપંચાશત, ગાથા-૫૯)

* મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. સમ્યક્ત્વ વિના એ બધું પત્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે. ૨૭. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૫)

* હે જિનેન્દ્ર! ચર્મમય નેત્રથી પણ આપના દર્શન થતાં જે

મહાન હર્ષ ઉત્પન્ન થાય છે તે ત્રણલોકમાં સમાતો નથી તો પછી જ્ઞાનરૂપ નેત્રથી આપના દર્શન થતાં કેટલો આનંદ પ્રાપ્ત થાય તે અમે જાણતાં નથી. ૨૮. (શ્રી પદ્મનંદી આચાર્ય, ઋષભસ્તોત્ર, શ્લોક-૩)

* ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,
સીતલ ચિત ભયૌ જિમ ચંદન।
કેલિ કરૈં શિવ મારગમેં,
જગ માહિં જિનેસુરકે લઘુનન્દન॥
સત્યસરૂપ સદા જિન્હકૈ,
પ્રગટયો અવદાત મિથ્યાત-નિકંદન।
શાંતદશા તિન્હકી પહિચાની,
કરૈ કર જોરિ બનારસિ વંદન॥ ૨૯. (શ્રી સમયસાર નાટક)

* વિદ્યા એટલે જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર. એની ઉત્પત્તિ સ્થિતિ, વૃદ્ધિ અને ફળનો ઉદય તે સમ્યક્ત્વ વિના નથી થતો. જેમ "બીજ"નો અભાવ હોવાથી વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળનો ઉદય નથી થતો. ૩૦. (શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૨)

* આ સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રરૂપ રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની ઔષધ છે. દુઃખોની મહાન આગને બુઝાવવા જળની વૃષ્ટિ છે. તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે. ૩૧. (શ્રી પદ્મનંદી આચાર્ય)

* વિનયથી ભણેલું શ્રુત અગર કોઈ પણ રીતે પ્રમાદથી વિસ્મૃત થઈ જાય છે તો પરભવમાં તે પ્રગટ થઈ જાય છે તથા કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે. ૩૨. (શ્રી ધવલા, પુસ્તક-૯, પાનું-૨૫૮)

* આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી નથી શકતા, પુત્રાદિ મર્યા બાદ લઈ નથી શકતા, રાજા છોડાવી નથી શકતા, તથા બીજા લોકો આંખોથી જોઈ નથી શકતા. આ જ્ઞાનધન જેની પાસે હોય છે તે લોક ધન્ય સમજાય છે. ૩૩.
(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૮૬)

* જો પુરુષ અજ્ઞાની હૈ—વાસ્તવિકરૂપસે હિત-અહિતકો નહિ પહિચાનતે ઉનકા પુત્ર-સ્ત્રી આદિ હી સંસાર હૈં, કિન્તુ જો વિદ્વાન હૈં, શાસ્ત્રોંકા અક્ષરાભ્યાસ તો કર ચુકે હૈ પરન્તુ આત્મધ્યાનસે શૂન્ય હૈં ઉનકા સંસાર શાસ્ત્ર હૈ. ૩૪. (શ્રી યોગસાર-પ્રાભૃત, અધિકાર-૭, ગાથા-૪૪)

* ભેદવિજ્ઞાન મહાત્મા ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક એવા કર્મોના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરી નાંખે છે. કેવી રીતે?—કે જેવી રીતે અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખે છે તેવી રીતે. ૩૫.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી-૮-૧૨)

* જે પ્રાણી જિનેન્દ્રભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એક ક્ષણમાત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે. ૩૬. (શ્રી અમિતગતિ-આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૫૬)

* જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને મમતા અને મમતા પ્રત્યે જેને દ્વેષ છે, જેમની દૃષ્ટિમાત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે તે સમ્યક્‌જ્ઞાની જીવોને વિષય ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે. ૩૭.

(શ્રી સમયસાર નાટક, નિર્જરા-અધિકાર, શ્લોક-૨૯)

* જિનેન્દ્રના ભક્તો જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે દેવો અપ્સરાની સભામાં ચિરકાળ સુધી રમે છે તથા અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ, વશિત્વાદિ જે આઠ ગુણથી સંયુક્ત તથા સર્વ દેવોમાં ઉત્કૃષ્ટ એવી કાંતિ, તેજ, યશ, એનાથી યુક્ત એવા સ્વર્ગલોકમાં રમે છે. ૩૮. (શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૫)

* આ પ્રાણીને ત્રણકાળ તથા ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી અને મિથ્યાત્વ સમાન ત્રણ કાળ તથા ત્રણ લોકમાં અન્ય કોઈ અકલ્યાણ નથી. ૩૯.

(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૪)

* સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,
સાચે સાચે વૈન કહૈં સાચે જૈનમતી હૈં ।
કાહૂકે વિરૂદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,
આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં ॥
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા,
અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં ।
દાસ ભગવન્તકે ઉદાસ રહૈં જગતસૌં,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ ॥ ૪૦.

(શ્રી સમયસાર નાટક)

* અસંયમી સમ્યગ્દષ્ટિ મનુષ્યોનું પ્રમાણ સાતસો કોટી છે. ૪૧.

(શ્રી ધવલા, પુસ્તક-૫, પાનું-૨૭૬)

* જિન અર્થાત પરમાત્મા એમના સ્વરૂપમાં ભક્તિ અર્થાત અનુરાગ છે જેને એવા સમ્યગ્દષ્ટિ ભવ્ય છે. તેઓ આ મનુષ્યભવમાંથી સ્વર્ગલોકમાં જઈને અપ્રમાણ છે ઋદ્ધિ, શક્તિ, સુખ, વૈભવ જ્યાં એવા દેવેન્દ્રની મહિમા પામીને પાછા પૃથ્વીમાં આવીને બત્રીસહજાર રાજાના મસ્તક પર પૂજનીય એવા રાજેન્દ્ર જે ચક્રવર્તીના ચક્રને પામીને ફરી અહમિન્દ્ર લોકની મહિમાને પામીને નીચે કર્યું છે સમસ્ત લોક જેમણે, એવા ભગવાન તીર્થંકરના ધર્મચક્રને પામીને નિર્વાણને પ્રાપ્ત થાય છે. ૪૨.

(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૪૧)

* અનંત સંસાર-ભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યા-દર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું. ૪૩.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૮)

* તત્વકો ખોજતે સમય યુક્તિમાર્ગ કે દ્વારા આગમકી બાત કો જાનના ચાહિયે, આરાધનાકે સમય નહિ; ક્યોંકિ અનુભવ તો પ્રત્યક્ષ કા વિષય હૈ. ૪૪.

(શ્રી નયચક્ર, શ્લોક-૨૬૮)

* જેને દર્શનમોહ નથી એવા ગૃહસ્થ મોક્ષમાર્ગી છે અને જે મોહવાન એવા ગૃહરહિત અનગાર તે મોક્ષમાર્ગી નથી. એટલે જ મોહવાન મુનિની અપેક્ષાએ દર્શનમોહ રહિત ગૃહસ્થ છે તે ઉત્કૃષ્ટ છે. ૪૫.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૩ )

* સમ્યગ્દર્શનથી યુક્ત, ચંડાલના કુળમાં ઉત્પન્ન થયેલ જીવને પણ ગણધરદેવ ' દેવ ' કહે છે, જેમ રાખથી ઢંકાયેલા અંગારાની અંદર તેજ છે. ૪૬. ( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૨૮ )

* આ લોકમાં જે પદાર્થ રાગી પુરુષને કર્મના બંધનું કારણ થાય છે એ જ પદાર્થ વીતરાગી પુરુષોને કર્મબંધથી મુક્તિનું કારણ થાય છે. જેમ જે દહીં, ગોળ તથા ઘી સન્નિપાતથી વ્યાકુળ રોગીને મરણનું કારણ થાય છે તે જ નિરોગીને ઘણી જ પુષ્ટિનું કારણ થાય છે. ૪૭. ( શ્રી અમિતગતી આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૬ )

* જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે તેઓ વ્રતરહિત હો તોપણ નારકપણે, તિર્યંચપણે, નપુંસકપણે, તથા સ્ત્રીપણે ઉપજતા નથી, તથા નીચકૂળમાં જન્મ, વિકલાંગી થતા નથી તથા અલ્પ આયુના ધારક કે દરિદ્રી થતાં નથી. ૪૮. ( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૫ )

* કષાયરૂપ વેરી નિર્વાણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતું નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી. વેરી તો એક જન્મ દુ:ખ આપે છે, અગ્નિ એકવાર બાળે છે, વાઘ એકવાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એકવાર ડસે છે. પણ કષાયભાવ અનંત જન્મમાં દુ:ખ આપે છે. ૪૯. ( શ્રી ભગવતી આરાધના, ગાથા-૧૩૯૬ )

* જેને ઉજ્જવલ સમ્યગ્દર્શન છે, તે જીવ સ્વર્ગલોકમાં આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી અહીં મનુષ્યલોકમાં આવીને નવનિધિ ચૌદ રત્નના સ્વામી, સમસ્ત આર્યક્ષેત્રના બત્રીસ હજાર દેશના પતિ તથા બત્રીસ હજાર મુકુટબન્ધ રાજાના મસ્તક ઉપર મુકુટરૂપ છે ચરણ જેમનાં, એવા ચક્રને પ્રવર્તન કરવામાં સમર્થ ચક્રવર્તી થાય છે. ૫૦.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૮ )

* અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચે પરમેષ્ઠિઓ આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ મને શરણ છે. ૫૧.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, બાર-અનુપ્રેક્ષા, ગાથા-૧૨ )

* જે પુરુષ સમ્યગ્દર્શનથી પવિત્ર છે તેઓ મનુષ્યોના મંડન કરવાવાળા, સમસ્ત મનુષ્ય જાતિના મસ્તક ઉપર ધારણ કરવાયોગ્ય એવા મનુષ્યોનું તિલક છે. તથા ઓજ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વિજય, વૈભવ એ સમસ્ત ગુણોનાં સ્વામી હોય છે. મહાન ફળનો સ્વામી થાય છે. તથા મહાનધર્મ, મહાઅર્થ, મહાકામ, મહામોક્ષરૂપ ચાર પુરુષાર્થનો સ્વામી હોય છે. સમ્યગ્દર્શનના ધારણ કરવાથી એવા અપ્રમાણ પ્રભાવના ધારક મનુષ્યોના શિરોમણી થાય છે. ૫૨.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૬ )

* અનુભવના રસને જગતના પ્રાણીઓ જ્ઞાનીઓ રસાયણ કહે છે. અનુભવનો અભ્યાસ તીર્થભૂમિ છે. અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે. અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય છે. એનો આનંદ કામધેનુ અને ચિત્રાવેલી સમાન છે. એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે. એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી. ૫૩.

( કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર, ઉત્થાનિકા, સવૈયા-૧૯ )

* જેને સમ્યગ્દર્શન જ શરણ છે તે પુરુષ શિવ અર્થાત્ નિરાકુળતા લક્ષણ મોક્ષ એને અનુભવ કરે છે. કેવા છે શિવ? જેને વૃદ્ધાવસ્થા નથી, અનંતાનંતકાળ સુધી, જ્યાં આત્મા ઝીર્ણ નથી થતો. જ્યાં રોગ, પીડા, વ્યાધિ નથી. તથા અક્ષય અર્થાત્ જેમાં અનંત ચતુષ્ટય સ્વરૂપનો નાશ નથી થતો. જ્યાં કોઈ પ્રકારની બાધા નથી, શોક, ભય, શંકા, જ્યાં નષ્ટ થઈ ગયા છે, સુખ તથા જ્ઞાનનો વૈભવ જ્યાં પરમપદને પ્રાપ્ત થયો છે. દ્રવ્યકર્મ તો જ્ઞાનાવરણાદિક, ભાવકર્મ રાગદ્વેષાદિક અને નોકર્મ શરીરાદિક એ પ્રકારે કર્મમળના અભાવથી વિમળ છે, એવી અદ્વિતીય સ્વરૂપ મોક્ષને સમ્યગ્દષ્ટિ જ અનુભવ કરે છે. ૫૪.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૪૦ )

* શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને જે જીવ અન્ય કાર્ય કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ જીવ અમૂલ્ય ચિંતામણી રત્નને તજીને પત્થર ગ્રહવા લલચાય છે. ૫૫. (શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૯, શ્લોક-૧૪)

* જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે જ પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે. ૫૬. (શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૩૧)

* આ જિનાગમ સર્વ પ્રાણીઓની રક્ષા કરવાવાળું છે. જે જીવોએ તેનો આશ્રય લીધો છે તેઓ અનંત સંસાર-સાગરને ઉલ્લંઘી જઈને મુક્ત થયા છે. આવું આ જિનશાસન સર્વકાળ વૃદ્ધિ પામો. આવા જિનશાસનને હું નમસ્કાર કરું છું. ૫૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સંક્ષેપ પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૧૧)

* જિનેંદ્ર ભગવાનનાં ચરણકમળને અવલોકન કરતી એવી સમ્યગ્દર્શનરૂપ લક્ષ્મી છે. તે કામી પુરુષના સુખની ભૂમિ એવી કામિનીની જેમ મને સુખી કરો તથા શુદ્ધસ્વભાવની—શુદ્ધશીલની ધારક માતા જેમ પુત્રનું પાલન કરે તેમ મારું પાલન કરો. તથા શીલ આદિ ગુણ છે આભૂષણ જેનું એવી કન્યા કૂળને પવિત્ર કરે તેમ મને પવિત્ર કરો, ઉજ્જવલ કરો. ૫૮. (શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૫૦)

* જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહાવનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. ૫૯. (શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૫૨)

* જાકૈ ઘટ પ્રગટ વિવેક ગણધર કૌસૌ,
હિરદૈ હરખિ મહામોહકૌં હરતુ હૈ.
સાચૌં સુખ માનૈ નિજમહિમા અડૌલ જાનૈ,
આપુહી મૈં આપનૌ સુભાઉ લે ધરતુ હૈ.
જૈસેં જલ કર્દમ કતકફલ ભિન્ન કરૈ,
તૈસેં જીવ-અજીવ વિલછનુ કરતુ હૈ.
આતમ સકતિ સાધૈ ગ્યાનકૌ ઉદૌ આરાધૈ,
સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ. ૬૦. (સમયસાર નાટક)

* આ સંસારમાં એક તરફ તો કર્મોની સેના છે અને એક તરફ હું એકલો છું તેથી આ શત્રુસમૂહમાં મારે સાવધાન થઈને રહેવું જોઈએ. ૬૧. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ–૩૪, ગાથા–૮)

* હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન (ફીકકાં) થઈ ગયા છે જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાંતિહીન થઈ જાય છે. ૬૨.

(શ્રી પદ્મનંદી–પંચવિંશતિ, જિનવર-સ્તવન, શ્લોક–૨૨)

* બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદ્દષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે—બંધાય છે. અને બહુ પ્રકારનાં યોગોમાં વર્તતો સમ્યગ્દષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી. ૬૩.

(શ્રી કુંદકુંદ આચાર્ય, બંધ–અધિકાર)

* જૈસે જાકા ઘરમેં (ગૃહમેં) સર્પ હોય સો પુરુષ સર્પકો ગૃહમેં તેં નિકાસે વિના શયન કરનેકો સમર્થ નહિ હોય હૈ. તૈસે સંસારરૂપ વનકે પારકો પ્રાપ્ત હોનેકા ઇચ્છુક પુરુષ દોષનિકો નહિ દૂરિ કરિકે શયન કરનેકો સમર્થ નહિ હોય હૈ. ૬૪.

(શ્રી ભગવતી આરાધના, ગાથા–૧૪૮૪)

* ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે. તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠીમાં રાખેલી વસ્તુને પ્રયત્નપૂર્વક વનમાં શોધી રહ્યો છે. ૬૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધ ચંદ્રોદય અધિકાર, શ્લોક–૬)

* સિદ્ધોની ગતિ છે તે જ એક ઉત્તમ ગતિ છે, તેમનું જે સુખ છે તે જ એક ઉત્તમ સુખ છે, તેમના જે જ્ઞાન–દર્શન છે, તે જ યથાર્થ જ્ઞાન–દર્શન છે તથા બીજું પણ જે કાંઈ સિદ્ધોનું છે તે બધું મને પ્રિય છે. એના સિવાય બીજું કાંઈ પણ મને પ્રિય નથી. આ રીતે વિચાર કરતાં મેં ભયાનક સંસાર છોડીને અને તે સિદ્ધોનાં ઉત્કૃષ્ટ સ્વરૂપની પ્રાપ્તિમાં મન જોડીને મારા ચિત્તમાં નિરંતર તે સિદ્ધોને જ દ્દઢતાપૂર્વક ધારણ કર્યા છે. ૬૬. (શ્રી પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક–૨૮)

* હિતરૂપ અને પ્રયોજનભૂત મીઠાં વચનો જીવને સાંસારિક આતાપજન્ય દુઃખથી રહિત કરે છે. જલ, ચંદન, ચંદ્રમા, મોતીનો હાર તથા ચંદ્રકાંતમણિ અંતરંગ આતાપને દૂર કરીને જીવને વાસ્તવિક સુખ આપવા સમર્થ નથી. જલ ચંદનાદિકને લોકમાં આતાપહારી કહે છે પરંતુ સત્ય વચન જે આતાપ દૂર કરે છે તેવો આતાપ જલ ચંદનાદિ દૂર કરી શકતા નથી. ૬૭. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૬૪)

* જે ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી પરન્તુ જિનેન્દ્રદેવ દ્વારા કથિત પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. ૬૮.

(આચાર્ય શ્રી નેમીચંદ્રસિદ્ધાંતીદેવ, ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૨૯)

* સર્વ રત્નોમાં મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં સમ્યક્ત્વ ઉત્તમ યોગ છે. કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમા આદિ ઋદ્ધિઓમાં પણ સમ્યક્ત્વ મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીયે? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. ૬૯. (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૫)

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણલોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિત કાળ પછી ત્યાંથી પતન થશે જ અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. ૭૦.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૭૪૬/૪૭)

* શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે, સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસાર-સમુદ્રથી તરવા માટે તે જહાજ છે. માત્ર ભવ્ય જીવો જ પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે

કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે. ૭૧. (શ્રી શુભચંદ્ર આચાર્ય; જ્ઞાનાર્ણવ, સર્ગ—૬ ગાથા—૫૯)

* જીવદ્રવ્ય ઉત્તમ ગુણોનું ધામ છે, જ્ઞાનાદિ ગુણો એમાં જ છે. સર્વ દ્રવ્યોમાં એ દ્રવ્ય જ પ્રધાન છે. કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે. સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે. અને અનંતજ્ઞાન સુખાદિનો ભોક્તા પણ જીવ જ છે એમ હે ભવ્ય તું નિશ્ચયથી જાણ. ૭૨.

(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા—૨૦૪)

* સમ્યગ્દર્શન ચંદ્રમાકે બિંબ સમાન પ્રકાશિત હૈ. સર્વ ગુણોંકી ખાણી હૈ. તીન ભુવનકે પ્રાણીયોંસે વંદનીક હૈ. સમ્યગ્દર્શનકી કાંતિ યા શોભાસે તીન જગતકા ઘર પ્રકાશિત હૈ. અર્થાત્ સમ્યગ્દર્શનકી શોભા જગત વ્યાપી હૈ. યહ સમ્યગ્દર્શન પરમ જ્યોતિમય આત્માકી કાંતિ હૈ. ઇસ સમ્યગ્દર્શનકા અનુભવ કરના યોગ્ય હૈ. યહી અવિનાશી ઉત્તમ પદ હૈ. ૭૩. (શ્રી જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા—૨૯)

* ચિન્મૂરત દગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી;
બાહિર નારકી—કૃત દુખ ભોગે, અંતર સુખરસ ગટાગટી,
રમતિ અનેક સુરનિ સંગપૈ તિસ પરિણતિ તેં નિત હટાહટી,
જ્ઞાન વિરાગ શક્તિ તેં વિધિફળ ભોગત પૈ વિધિ ઘટાઘટી.
સદન નિવાસી તદપિ ઉદાસી, તાતેં આશ્રવ છટાછટી,
જે ભવ હેતુ અબુધકે તે તસ કરત બંધકી ઝટાઝટી.
નારક પશુ ત્રિય પંડ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈ કટાકટી,
સંયમધરિ ન સકે પૈ સંયમ, ધારન કી ઉર ચટાચટી.
તાસ સુયશ ગુણકી 'દૌલત' કે લાગી રહૈ નિત રટારટી. ૭૪.

# અહા ! જુઓ તો ખરા ! જગતના જીવોના પરિણામની વિચિત્રતા ! !

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૫૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આજે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ?—કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો; પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો; તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકર નામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માને કે "મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણ ભાવના ભાવીને તીર્થંકર નામકર્મ બાંધું"—તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકર-નામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જ આવે છે. પણ ધર્મી જીવને તે રાગની કે તીર્થંકર નામકર્મની ભાવના હોતી નથી. અને સમકિતી જીવોમાં પણ બધાયને તીર્થંકરનામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોતો. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ હોય છે. પણ તેમાં જેના નિમિત્તે તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો રાગ તો અમુક જીવને જ હોય છે. ત્યાર પછી તે રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકર નામકર્મનો ઉદય આવે છે, અને ઇંદ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી. પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું ને દેવો આવીને ભગવાનની સેવા-ભક્તિ કરતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. તેમને આવું સમવસરણ છે. અહીં તો તેનો નમૂનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતા કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે, એટલે કે જગતમાં અજીવ તત્ત્વો પણ છે.

તીર્થંકરનામકર્મ અમુક જીવને જ બંધાય છે. બધાને બંધાતું નથી, એટલે જીવોની પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે, ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકર ને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે, તે ત્રિકાળ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા જ્ઞાન સાચા થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે. તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે "મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે" તો તે જીવ રાગનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી–એમ જેને આત્માનું ભાન થયું હોય, પણ હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકર નામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે ને તેને જ તીર્થંકર નામકર્મ બંધાય છે. જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન, છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ, અને તેમાં પણ એવો રાગ કે જેના નિમિત્ત સામે તીર્થંકર પ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના બને અને આત્માની પૂર્ણ વીતરાગદશા થતાં સમવસરણની વિભૂતિનો સંયોગ—આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકર પ્રકૃતિ કોને બંધાય?—કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ ક્યારે આવે?—કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકર પ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે પણ તેનો ઉદય તેરમાં ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. આ વાત સમજવા જેવી છે. જેને પુણ્ય સામગ્રીના ભોગવટાની ઇચ્છા છે તેને પુણ્ય સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરનાં પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી; રાગ ટાળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકર પ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગ ભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી, તે ભૂમિકામાં તીર્થંકર પ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઈ પણ તે કેવળી ભગવાનને સંયોગના ભોગવટા તરફનું વલણ રહ્યું નથી. અહો! સો ઇંદ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે ને દૈવી સમવસરણ રચે છે.

છે. ભગવાનને રાગ નથી; ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ, સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોઈ ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીત દશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે.—આ બધુ સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને —એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી, પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકર કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ—એ ત્રણે એકસાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે, ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે શુભ ભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના છે, મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકર નામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા જગતના જીવોના પરિણામોની વિચિત્રતા! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય,—તેનું કારણ શું? અનેક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકર નામકર્મ બંધાય તેવા પ્રકારના શુભ પરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીનાં કાળમાં કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ સમ્યગ્દૃષ્ટિને પહેલાં સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેવા પરિણામ થાય. કોઈ જીવ ચક્રવર્તી થઈને પછી મુનિ થઈને મોક્ષ પામે;—અને કોઈ જીવ સાધારણ મનુષ્ય થઈને પછી મુનિ થઈ મોક્ષે પામે. સંસારમાં જીવોનાં પરિણામની આવી વિવિધતા છે ને નિમિત્તરૂપે પુદ્ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે. દ્રવ્યે અને ગુણે બધા જીવો

સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની એવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઈ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું? એનું કારણ તે તે પર્યાયની તેવી જ યોગ્યતા! આ એક 'યોગ્યતા વાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ?' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસારરહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારકશરીર મળે તથા જેનાથી ઈંદ્રપદ કે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમજ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઈક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ સાંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય-એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂકયા, ને કોઈ જીવને અનાદિ સાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા! એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી. સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાઓનું ભાન હોય છે, ને તેને જ "સંસારભાવના" હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવો તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી, પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસાર ભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિપૂર્વક આ પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે, તેને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય, ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય, તથા કોઈ જીવને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય.

જુઓ! આ સંસારની વિચિત્રતા! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતા તેમાં વિસ્મયતા લાગતી નથી,—'આમ કેમ?' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી વિચિત્રતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. "જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી."—એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે—એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંતા જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. "આ કાળે આવી જ પર્યાય કરું" એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત થયા વિના રહે નહિ. પુણ્ય, સમવસરણ, તીર્થંકર એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય–ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ?–એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાના એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે. ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો બોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારાના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપશમની યોગ્યતા પ્રમાણે સમજે છે ને!

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય–ગુણ એકરૂપ છે. પર્યાયમાં વિકાર છે. તેમાં કોઈ

જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે;—આમ બધાની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્ર દશા પ્રગટ કરીને મુનિ થાય. હજારો વર્ષ આત્માના જ્ઞાન–ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકર નામકર્મ ન બંધાય ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દષ્ટિ જીવને પણ તીર્થંકર નામકર્મ બંધાઈ જાય! ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે "અરે! આ અવિરતિ સમ્યગ્દષ્ટિને તીર્થંકર નામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકરનામકર્મ ન બંધાયું? શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે?" મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકર નામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે; શું ચારિત્રથી કાંઈ કર્મ બંધાય? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દષ્ટિને રાગથી તીર્થંકર નામકર્મ બંધાય છે. ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસારભાવના!

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્યે–ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકર નામકર્મ બાંધે, કોઈ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઈને તીર્થંકર નામકર્મ ન બંધાય, ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ? તે તે પર્યાય સત્ છે, તેમાં "આમ કેમ?"—એવો પ્રશ્ન નથી. વસ્તુનું આવું સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્—એમ સત્‌ની પ્રતીત કર તો 'આમ કેમ?'—એવો પ્રશ્ન નહિ રહે પણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈને વીતરાગતા પ્રગટશે.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે, ને આ સંસારભાવનાનું વર્ણન છે. જગતમાં વિચિત્રતા છે, જીવ દીઠ પરિણામો ભિન્ન ભિન્ન છે, ને તેના નિમિત્તે કર્મ બંધાય તે પણ ભિન્ન ભિન્ન છે, તેના ફળમાં કોઈને સમવસરણ હોય છે. આવી સંસારની વિચિત્રતા જેને બેસે, તેને પર્યાયની વિચિત્રતા દેખીને સંદેહ થતો નથી.

एवं मणुयगदीए णाणा दुक्खाइं विसहमाणो वि ।
ण वि धम्मे कुणदि मइं आरंभं णेय परिचयइ ॥५५॥

અર્થ:—ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુઃખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી. ૫૫.

અહીં સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાની ૫૫ મી ગાથા ચાલે છે. તેમાં કહે છે કે જગતમાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૯ ]

## 卐 તું જ્ઞાયકસ્વરૂપ છો—એમ શ્રદ્ધા કર 卐

તું જ્ઞાયકસ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.

'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.

શુભ ભાવ આવશે ખરા. પણ 'શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભ ભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'—એવી શ્રદ્ધા છોડ.

તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો. તેની શ્રદ્ધા કર અને આગળ જા. અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે. ૩૬૧.

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

'તું જ્ઞાયકસ્વરૂપ છો.'

પ્રભુ! તું તો જાણગસ્વભાવી વસ્તુ છો ને! જ્ઞાયકસ્વરૂપ તારી ચીજમાં 'જાણવું ...જાણવું...જાણવું' સિવાય બીજું શું હોઈ શકે? દેહગેહ વગેરે પરચીજો તો તારાથી ભિન્ન છે પણ પર્યાયમાં જે શુભાશુભ ભાવો થાય તે પણ તારું ખરું સ્વરૂપ નથી.

'બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.'

નિકટવર્તી શરીર, વાણી, મન અને દૂરવર્તી પત્ની, પુત્ર, પરિવાર ને પૈસા વગેરે બીજું બધું તારાથી તદ્દન પૃથક્ છે. તારા જ્ઞાયકને તે પદાર્થ જરાય અડતા નથી; કેમ કે કુદરતનો એવો નિયમ છે કે વિશ્વના બધા પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના સમૂહને સ્પર્શે છે તોપણ તેઓ, એકક્ષેત્રાવગાહી હોવા છતાં,

પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી. ભાઈ! તારા જ્ઞાયકથી બીજું બધું છૂટું પડ્યું છે. માત્ર તેં તેની સાથે એકત્વની ભ્રાન્તિ ઊભી કરી છે.

અહા! એ આઠ-આઠ વર્ષના બાળકો જ્યારે સમ્યગ્દર્શન પામતા હશે, પામીને અંદર ધ્રુવ ધામમાં જવાનો પ્રયત્ન કરતા હશે એ સ્થિતિ કેવી હશે? માતા પાસે એ બાળકો વિનયથી રજા માગે છે: હે માતા! પૂર્ણાનંદથી ભરચક એવો જે અમારો ચૈતન્યનાથ તેનો અમને થોડો સ્વાદ તો આવ્યો છે, પણ હવે તેનો પૂર્ણ સ્વાદ પ્રગટ કરવા માટે અમે વનમાં જઈએ છીએ. કયા વનમાં? બહારનું વન—એકાંત તો ઉપચાર છે, અંદર ચૈતન્યના વનમાં—જ્ઞાયકની એકાંત ગુફામાં—જઈએ છીએ. જેમ વનમાં માણસોનો પગરવ નથી તેમ જ્ઞાયકની સાધનામાં શુભાશુભ વિકલ્પોનો કોલાહલ નથી. અંદર આનંદનો જે અપૂર્વ સ્વાદ આવ્યો છે તેને વધારવા એકાંત વનમાં ચાલી નીકળે છે. મને કોઈ જુએ, જાણે કે ગણે—એની કાંઈ પડી નથી, 'વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી' એવી સહજ દશા અંતરમાં થઈ ગઈ છે. જ્ઞાયક-સ્વભાવથી આખું વિશ્વ જુદું ને છૂટું છે, માત્ર જીવે તેની સાથે એકત્વની બુદ્ધિ કરી છે.

"'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર."

દેહ, ભાષા, ઇંદ્રિયો વગેરે જડ અને પૃથક્ પ્રદેશોવાળા ભિન્ન પદાર્થો છે; તેઓ 'આત્મા' નથી, આત્માના નથી અને આત્મામાં નથી. શુભાશુભ વિભાવભાવ આત્માનું સ્વરૂપ નથી. વિભાવભાવ આત્માની પર્યાયમાં થાય છે પરંતુ તે તેનો સ્વભાવભાવ નથી. સ્વભાવભાવ હોય તો તે કાયમ રહેવો જોઈએ. ભાઈ! તું પ્રથમ એ નક્કી કર કે 'હું સ્વભાવે સિદ્ધ સમાન શુદ્ધ છું, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. સિદ્ધભગવાન દ્રવ્ય અને પર્યાય બંને અપેક્ષાએ શુદ્ધ છે અને હું દ્રવ્ય-અપેક્ષાએ શુદ્ધ છું અને પર્યાય-અપેક્ષાએ અશુદ્ધ છું—એટલો તફાવત છે.' સમય-સારની પહેલી ગાથામાં આચાર્યદેવે મંગલાચરણરૂપે સર્વ પ્રથમ સિદ્ધભગવંતોને પોતાના ને શ્રોતાના આત્મામાં સ્થાપીને શાસ્ત્ર રચવાની પ્રતિજ્ઞા કરી છે. બહાર ગામ જવાનું હોય અને જો વાર-કવાર હોય તો જેમ રસ્તામાં આવતા પાડોશીના ઘરે અગાઉથી પસ્તાનું મૂકે તેમ અત્યારે સંપૂર્ણ મોક્ષદશા માટે અકાળ છે તેથી આચાર્યદેવ અનંત સિદ્ધભગવંતોને પોતાની ને શ્રોતાની પર્યાયમાં સ્થાપવારૂપ પસ્તાનું મૂકે છે. જ્યારે અંતરમાં સાધનાની પૂર્ણતારૂપ પુરુષાર્થનો સ્વકાળ પ્રગટ કરશે ત્યારે પોતે સિદ્ધ થઈ જશે. માટે 'મારું સ્વરૂપ સિદ્ધભગવાન જેવું જ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.

'શુભ ભાવ આવશે ખરા.'

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિ, શાસ્ત્રાભ્યાસ, સત્શ્રવણ વગેરેના શુભ ભાવ આવશે ખરા.

"પણ 'શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભ ભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'—એવી શ્રદ્ધા છોડ."

દયા-દાનના કે વ્રત-તપ વગેરેના શુભ ભાવોથી ક્રમે ક્રમે મોક્ષદશા પ્રગટશે એવો ભ્રમ છોડી દેજે. શુભ ભાવ છોડી દઈશ તો મારું બધું ચાલ્યું જશે અને હું અશરણ થઈ જઈશ—શૂન્ય થઈ જઈશ એવી શ્રદ્ધાને તિલાંજલિ આપી દેજે. શુભ ભાવ ચાલ્યા જશે તો પછી મારામાં શું રહેશે?—ભાઈ! આનંદકંદ નિજ જ્ઞાયકપ્રભુનો આનંદ-રસનો સ્વાદ રહેશે. સમયસારમાં કહ્યું છે ને—'શુભ અને અશુભ બન્ને ભાવોનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કાંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?'—આવી શંકાનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે:—શુભાશુભ સર્વ વિભાવોનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે. તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે—જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કપાયી જીવ શુભાશુભ વિભાવોને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.

પ્રભુ! તું તો સ્વભાવે સિદ્ધ સમાન શુદ્ધ છો ને! શુભની રુચિ છૂટશે તો સિદ્ધ સમાન સ્વભાવની રુચિથી તને અંતરમાં શાન્તિ પ્રગટશે. શુભનું અસ્તિત્વ જતાં તારું સહજ અસ્તિત્વ વહ્યું જશે એમ નથી. અરેરે! જૈનકુળમાં જન્મ્યા છતાં આ વસ્તુની ખબરેય ન મળે. શુભ ભાવથી તારું 'ટકવું' નથી, પણ શુભાશુભ વિભાવોથી રહિત જે તારું સહજ અસ્તિત્વ છે તે જ તારું 'ટકવું' છે. શુભ ભાવને છોડતાં શૂન્ય થઈ જઈશ એમ નથી, તેના જતાં ઊલટાની શુદ્ધિની—શાન્તિ ને આનંદની—વૃદ્ધિ થશે. આવો ઉપદેશ છે, અહાહા! ઘણું આવી ગયું આ પુસ્તકમાં.

'તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો.'

જેમની ગહનતા તેમ જ સંખ્યાનો કોઈ તાગ નથી એવી અગાધ અનંત શક્તિઓથી ભરપૂર તું એક અખંડ પદાર્થ છો. શક્તિઓ ભલે સંખ્યાએ અનંત છે તોપણ આત્મા તો અભેદ એક પદાર્થ છે. અરેરે! વાણિયાને આવો અભ્યાસ કરવાનો વખત ન મળે, આખો દી સંસારનાં પાપ, પાપ ને પાપ. કદાચિત્ બે ઘડી સ્વાધ્યાય કરે તોય તે તો,

કષાય મંદ કર્યો હોય તો, શુભ ભાવ છે, તેમાં ધર્મ ક્યાં છે? અને શુભ ભાવ જશે તો હું ખાલી થઈ જઈશ એમ પણ ક્યાં છે? શુભ ભાવ રુચિ અને પરિણતિમાંથી જશે તો હું પરિપૂર્ણ શુદ્ધ થઈ જઈશ—એવી યથાર્થ શ્રદ્ધા કર.

'તેની શ્રદ્ધા કર ને આગળ જા.'

'હું એક અખંડ જ્ઞાયક પદાર્થ છું'—એમ નિજ શુદ્ધાત્માની અવિચળ શ્રદ્ધા કર. શ્રદ્ધા કરીને ત્યાં ઊભું નથી રહેવાનું—અટકી પડવાનું નથી. નિજ જ્ઞાયકને શ્રદ્ધા ને જ્ઞાનમાં ગ્રહણ કરીને, તેમાં વિશેષ લીનતા વધારીને આગળ જવાનું છે. જે પરિપૂર્ણ જ્ઞાયક શુદ્ધભાવને દૃષ્ટિમાં લીધો છે તેમાં હવે વધારે જા. એ જ મુક્તિનો એકમાત્ર ઉપાય છે.

'અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે.'

અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ ને અનંત સંતો આ જ માર્ગે મુક્તિને પામ્યા છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' પ્રવચનસારમાં આવે છે ને!—નિજ શુદ્ધાત્માની અનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને વીતરાગચારિત્રના વિરોધી રાગદ્વેષને ટાળવા, એટલે કે નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં વિશેષ લીન થવું, તે જ એક મોક્ષમાર્ગ છે; ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો આ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. અહા! અનંત તીર્થંકરો, અનંત સાધક જીવો એ જ માર્ગે મોક્ષને પામ્યા છે. એ સિવાય મુક્તિનો બીજો કોઈ રસ્તો નથી—બીજો કોઈ ઉપાય નથી.

—*—

* (તા. ૨૧-૧૧-૬૫) ૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી—પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ....એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિંત્ય! અદ્‌ભુત!—આદિ શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

# ૠ સુખી થવાનો ઉપાય ૠ

જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.'
—આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર. ૩૭૧.

['અર્હતશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

'જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.'

સ્વપ્નામાં ખાધેલી સુખડીથી ભૂખ ભાંગે નહિ, તૃષાપીડિત મૃગલાંની તરસ મૃગજળથી છીપે નહિ, તેમ પર પદાર્થોથી—શરીર, ઇંદ્રિયો ને ઇંદ્રિયોના વિષયભૂત પર સામગ્રીથી—સુખ થાય નહિ. ત્રિલોકનાથ તીર્થંકર ને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ એ બધા પર પદાર્થ છે, તેમની ભક્તિનો ભાવ શુભ રાગ છે, તેનાથી સુખી થવાતું નથી. તેમાંથી સુખની આશા રાખવી તે, ઝાંઝવાના જળથી તરસ છિપાવવાની આશા રાખવા જેવું વ્યર્થ છે. શ્રી જિનેન્દ્રભગવાન તો એમ કહે છે કે—તારા સ્વરૂપ સન્મુખ જોયા વિના એકલા મારા સામું જોઈશ તો તને રાગ થશે, કારણ કે અમે પણ તારા માટે પર પદાર્થ છીએ. પર પદાર્થથી કે પર પદાર્થ તરફના લક્ષથી સુખી થવાતું નથી. માત્ર જ્ઞાન ને સુખસ્વભાવી નિજ આત્માના આશ્રયે જ સુખી થવાય છે. માટે શ્રી સમયસારમાં કહ્યું છે ને—

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.'

સમસ્ત શુભાશુભ વિભાવોથી ભિન્ન જે નિજ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ તેમાં સદા પ્રીતિવંત બન, જિનેન્દ્રભક્તિ આદિનો જે શુભ ભાવ આવે તેની પણ પ્રીતિ છોડી દે.

જેણે ભક્તિ વગેરેના શુભ રાગને ઉપાદેય માન્યો તેને શુદ્ધ વિજ્ઞાનઘન નિજ ભગવા આત્મા હેય થઈ ગયો છે અને જેણે શુદ્ધ વિજ્ઞાનઘન નિજ ચૈતન્ય પરમ ભાવ ઉપાદેયપણે સ્વીકાર્યો તેને, ચાહે તો ભગવાની ભક્તિનો ભાવ હોય કે જેનાથી તીર્થંક નામકર્મ બંધાય એવો ઊંચો શુભ ભાવ હોય તોપણ તે હેય છે. 'આમાં સદા પ્રીતિ વંત બન' કહીને એમ કહ્યું કે—જ્ઞાયક સ્વભાવમાં કાયમ પ્રેમ અને એકાગ્રતા રા કે જેથી તે કદી ધ્યેયપણાથી છૂટે નહિ. નિજ શુદ્ધ જ્ઞાયકભાવથી સદા સંતુષ્ટ અને તૃ થા. ધર્મી જીવની દૃષ્ટિ અને રમણતા નિજ જ્ઞાયકમાં છે, તેથી તે તેમાં જ સંતુષ્ટ છે રાગમાં, પછી ભલે ને તે ભગવાનની ભક્તિનો કે પંચ પરમેષ્ઠીના સ્મરણનો હોય સંતુષ્ટ નથી. પ્રભુ! તને આત્માથી તૃપ્તિ થશે, માટે તું ત્યાં જા, એનાથી તૃપ્ત થ રાગાદિ વિભાવની ક્રિયાથી તૃપ્તિ ન માન.

'સમાધિશતક'માં તો ત્યાં સુધી કહ્યું છે કે—અરે! અમને જે આ સમજાવવાને વિકલ્પ ઊઠે છે તે પણ ઉન્મત્ત જેવી ચેષ્ટા છે.

'બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ.'

આ, ચારિત્રમોહજનિત ઉન્માદ છે, દર્શનમોહજનિત નહિ. રાગને પોતાનો માનવો તેનાથી લાભ માનવો તે દૃષ્ટિની વિપરીતતારૂપ ઉન્માદ, ગાંડપણ કે ઘેલછા છે. દૃષ્ટિમાં સાચું ધ્યેય હોવા છતાં ઉપદેશ દેવા વગેરેનો જે વિકલ્પ આવે તે ચારિત્રસંબંધી અસ્થિરતારૂપ ઉન્માદ છે. તે વિકલ્પને પણ છોડી તું જ્ઞાયક સ્વભાવમાં જા. ત્યાં જવાથી તને ઉત્તમ સુખ થશે. અરેરે! આ મોંઘો મનુષ્ય-અવતાર ચાલ્યો જાય છે, ભાઈ! મોત અણધાર્યું એક વાર આવશે, તે સમાચાર મોકલીને નહિ આવે, અકસ્માત આવશે. માટે, જે જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો નાથ છે, નિજ ચૈતન્યમય અખંડ અસંખ્ય પ્રદેશે બિરાજમાન છે તે નિજ શુદ્ધ જ્ઞાયકદ્રવ્યમાં જા, તેમાં પ્રીતિવંત અને સંતુષ્ટ બન અને તેનાથી જ તૃપ્ત તૃપ્ત થા, જેથી તને કોઈ આશ્ચર્યકારી, ઉત્તમ અને અનુપમ સુખ થશે.

'—આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર.'

અતીન્દ્રિય ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું અંતરમાં સ્વસન્મુખ થઈને જે યથાર્થ ગ્રહણ થાય, તેમાં જ અંતરથી પ્રીતિ, સંતોષ ને તૃપ્તિ થાય, તે જ એકમાત્ર સુખી થવાનો ઉપાય છે. શ્રી જિનેન્દ્રભગવાને કહેલા આ સુખી થવાના ઉપાયનો વિશ્વાસ કર. આ અતીન્દ્રિય જ્ઞાયક પરમ પદાર્થને જડ ઇંદ્રિયોથી પોતપોતાના વિષયોને ખંડખંડ ગ્રહણ કરનારી ભાવેન્દ્રિયોથી અને ઇંદ્રિયોના વિષયભૂત

પર પદાર્થોથી—સાક્ષાત્ અરિહંત ભગવાન, તેમનો દિવ્યધ્વનિ, તેમની પ્રતિમા, મંદિર, શાસ્ત્રો વગેરે બધાં ઇંદ્રિયના વિષયભૂત પરપદાર્થો છે તે બધાથી—ભિન્ન લક્ષમાં લઈને, તેનો (જ્ઞાયક પરમ પદાર્થનો) આશ્રય કરવો તે જ સુખી થવાનો એકમાત્ર ઉપાય છે. જ્ઞાનીને જરા અસ્થિરતાને લીધે પરદ્રવ્ય તરફ ઉપયોગનું વલણ જાય છે, એટલો રાગ થાય છે, પણ રુચિમાં પરનો આશ્રય નથી. અહા! આવી વાતો તો વીતરાગી સંતો કહે! અરે! રાગ અને વિકલ્પની રમતમાં જે પડ્યો છે તેને આત્મા હાથ નહિ આવે. પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? વિકલ્પની આડમાં કાં સંતાઈ ગયો છે? દયા-દાન વગેરે શુભના પ્રેમમાં તારો ભગવાન અંદર ગુપ્ત થઈ ગયો છે—છુપાઈ ગયો છે. અહા! જેણે પોતાના સચ્ચિદાનંદ પ્રભુને દૃષ્ટિમાં લીધો છે તેને, શુભાશુભ વિકલ્પનો ગમે તે પ્રસંગ હોય ત્યાં પણ, ધ્રુવ જ્ઞાયકનું લક્ષ છૂટતું નથી. ધ્રુવ ધ્યેયને લક્ષમાં લઈ તેમાં સમાવું તે જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર. —*—

---

[ અહા! જુઓ તો ખરા? જગતના........પૃષ્ઠ ૨૨ થી ચાલુ ]

અનેક પ્રકારનાં વિચિત્ર દુઃખો સહન કરવા છતાં જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી. ધર્મીને તો સદ્ધર્મની બુદ્ધિ છે. તેને સંયોગ-વિયોગ દેખીને તેમાં પર્યાયબુદ્ધિ થતી નથી, આમ કેમ?—એવો પ્રશ્ન થતો નથી, કેમ કે પદાર્થ સત્ છે એટલે તેની પર્યાયની યોગ્યતા પ્રમાણે જ સંયોગ-વિયોગ હોય. સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવી ભાવના ભાવવાથી ધર્મીને એકાગ્રતા વધતી જાય છે ને સહજ આનંદ વધતો જાય છે. તેથી આ ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે. આ ભાવના ભાવીને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જેમ છે તેમ સમજીને તેની પ્રતીત કરે છે. તેમાં તેને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદનો અંશ પ્રગટે છે. બાર ભાવના ભાવનારની લાયકાત કેટલી હોય? કે વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન હોય. સમ્યગ્દર્શન વગર બાર ભાવના યથાર્થ હોતી નથી. જિનવચનથી વિરુદ્ધ કહેનારા કોઈ પણ દેવ-ગુરુ-શાસ્ત્રને જે માને તેને બાર ભાવના હોય નહિ.

અહો! સંસારમાં વિચિત્ર સંયોગો, વિચિત્ર પરિણામો, તેનું કારણ શું?—કે પર્યાયનો વિચિત્ર સ્વભાવ તેનું કારણ છે. હું દ્રવ્યે-ગુણે એકરૂપ છું—એવી અંતરદૃષ્ટિપૂર્વક ધર્મી જીવ પર્યાયની વિચિત્રતાને જાણે છે. ક્ષણ-ક્ષણનો રાગ અને સંયોગ સ્વતંત્ર છે, ને તે ક્ષણે ધ્રુવ સ્વભાવ પણ સ્વતંત્ર છે—એમ બધાને જાણીને ધર્મી જીવ ધ્રુવ સ્વભાવ તરફ વળે છે.

અહો! જગતમાં જીવો આ મનુષ્યભવ પામીને ક્ષણિક રાગ અને સંયોગને જ દેખે છે, પણ જેના ચારિત્રગુણની ઉલટીદશા થઈને રાગ થયો છે તે ધ્રુવ ચિદાનંદ સ્વભાવને સ્વીકારતા નથી, તેથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે,—આમ સંસારભાવના ધર્મી જીવ ભાવે છે. —૦—

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :— તા. ૮-૮-૮

* તા. ૨૨-૭-૮૭ થી તા. ૧૦-૮-૮૭ (પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૪ જન્મજયંતી) સુધી ચાલનારો ૨૦ દિવસનો પ્રૌઢ શિક્ષણવર્ગ સુચારુરૂપે ચાલી રહ્યો શરૂઆતથી જ શિક્ષણાર્થી પ્રૌઢ મુમુક્ષુઓની ઉપસ્થિતિ સારી રહી અને દિન-પ્રતિ નવા-નવા શિક્ષણાર્થીઓ આવી રહ્યા છે. કેટલાય નવા હિન્દીભાષી મુમુક્ષુઓ શિક્ષણલા માટે આવ્યા છે. ઉત્તમ અને મધ્યમ બે વર્ગ રાખવામાં આવ્યા છે. ઉત્તમ વર્ગમાં સવા શ્રી પ્રવચનસાર-જ્ઞેયાધિકાર તેમ જ સાંજે શ્રી સમયસાર-પૂર્વરંગ તથા મધ્યમ વર્ગ સવારે જૈનસિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા તેમ જ છઢાળા ઉપર શિક્ષણ આપવામાં આવે છે.

* પ્રૌઢ શિક્ષણવર્ગના દિવસોમાં સવારે જિનેન્દ્રપૂજા, ત્યારબાદ ચરણાનુયોગસૂચ ચૂલિકા ગાથા ૨૩૨ થી ૨૪૨ (મોક્ષમાર્ગપ્રજ્ઞાપન) ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અધ્યાત્મરહસ્ય ભરપૂર ભાવવાહી ટેપ-પ્રવચન, બપોરે સમયસાર-પૂર્વરંગ (ગા. ૧૬, ૧૭ ૧૮ વગેરે) પર શાસ્ત્રપ્રવચન, જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ અને રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રી 'શ્રી સમયસાર નાટક' ઉપર ભાવવાહી સુંદર ટેપ-પ્રવચન, બહેનો માટે સવાર-સાંજ વખત તત્ત્વગોષ્ઠિ તેમજ રાત્રે મહિલાશાસ્ત્રસભા ઇત્યાદિ ચાલે છે.

* શિક્ષણવર્ગ તેમજ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૪મી મંગલ જન્મજયંતીના વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

* ઉપનગર (મલાડ-મુંબઈ) દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૪મી આનંદકારી જન્મજયંતી (તા. ૬ થી તા. ૧૦ ઓગસ્ટ) અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ રહી છે. તા. ૧૯ જુલાઈ, રવિવારના રોજ મલાડ (મુંબઈ)ના ભગવાન ઋષભદેવ દિ. જિનમંદિરમાં તેમજ તા. ૨૦ જુલાઈ સોમવારના રોજ સોનગઢના પરમાગમમંદિરમાં આ ભવ્ય મહોત્સવની અતિ ભવ્ય નિમંત્રણપત્રિકા લખવાનો સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. નિમંત્રણપત્રિકા મુમુક્ષુસમાજને મોકલી આપવામાં આવી હતી.

* ભાદરવા સુદ ૪, શુક્રવાર, તા. ૨૮-૮-૮૭ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૬-૯-૮૭ દસ દિવસ શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ દશલક્ષણમંડલવિધાનપૂજા તેમજ અધ્યાત્મજ્ઞાનની આરાધનાપૂર્વક ઉજવવામાં આવશે. ભાદરવા વદ ૧ મંગળવાર, તા. ૮-૯-૮૭ ના રોજ ઉત્તમક્ષમાવણીપર્વ ઉજવવામાં આવશે.

* દશલક્ષણપર્યુષણપર્વ માટે જે મુમુક્ષુમંડળોને સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ઇચ્છા હોય તે 'પ્રચાર-વિભાગ, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)'—આ ઍડ્રેસ પર શીઘ્ર જાણ કરે. શકયતા પ્રમાણે પ્રબંધ કરવામાં આવશે.

* * *

ॐ

# કુંવરીને ખમા ખમા કરતી

કુંવરીને ખમા ખમા કરતી, માતા જ્ઞાનામૃત પાતી.

'ધમ્મો મંગલમુક્કિટ્ઠં'ના મંગલ પાઠો ભણતી,
માતા નિજ કુંવરીને પ્રેમે, ધર્મામૃત નિત પાતી......કુંવરીને૦

શાન્ત વદન નિર્મળ નયનોમાં આત્મા ઉજ્જવળ જોતી,
ધર્મરતન થાશે મુજ કુંવરી, ભણકારા અનુભવતી......કુંવરીને૦

'અખંડ આનંદ ધ્રુવપદ તારું', હાલરડાં શુભ ગાતી,
'સિદ્ધપણાને સાધો કુંવરી', આશિષ મંગલ દેતી......કુંવરીને૦

જ્યોતિષીએ જ્યોતિષ જોયાં, આ કુંડળી કોઈ ન્યારી,
વિદેહની વિભૂતિ આવી અદ્ભુત મંગળકારી......કુંવરીને૦

આ કુંવરી છે સીમન્ધરનાં સ્મરણો ઉર ધરનારી,
'કહાનગુરુ તીર્થંકર થાશે'—જિનધ્વનિમાં સુણનારી......કુંવરીને૦

નિર્મળહૃદયી અલ્પભાષિની, મિષ્ટ વચન વદનારી,
અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી......કુંવરીને૦

સીમન્ધરના નન્દ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી,
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી........કુંવરીને૦

શાન્ત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,
ઉપશમરસ–અવતાર જ્ઞાનસાગર ઊછળે અંતરમાં......કુંવરીને૦

ચિરં જીવો ચિરં જીવો જગદમ્બા ભવતારી,
સ્વાનુભૂતિ મતિશ્રુત લબ્ધિથી વિશ્વ ઉજાળનહારી........કુંવરીને૦

—○—

* (તા. ૧૨-૯-૭૧) બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા! નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે. —પૂજ્ય ગુરુદેવ

* (તા. ૨-૮-૭૨) બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રતન મળ્યું છે. —પૂજ્ય ગુરુદેવ

* (સં. ૧૯૯૭) આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. એ ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્ભાગ્ય છે. —પૂજ્ય ગુરુદેવ

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012